# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-06-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## અવકાશયાત્રી શુભાંશુ શુકલા

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ગઇકાલે એક્સિઓમ-૪ મિશન પર અવકાશમાં રવાના થયા. રાકેશ શર્મા પછી શુક્લા ચાર દાયકાથી વધુ સમયમાં અવકાશમાં રહેનારા પ્રથમ ભારતીય બનશે. ભારતીય અવકાશ સંશોધન સંગઠને જણાવ્યું છે કે, એક્સિઓમ-૪ આજે સાંજે સાડા ચાર વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે ડોક કરશે.

-----------------------------------------------------------------------------------------

## માદક પદાર્થ દિવસ

આજે માદક પદાર્થના દુરુપયોગ અને ગેરકાયદેસર તસ્કરી સામેનો આંતરરાષ્ટ્રીય દિવસ છે. આ દિવસ માદક પદાર્થ મુક્ત આંતરરાષ્ટ્રીય સમાજના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે કાર્યવાહી અને સહયોગને મજબૂત બનાવવાનું આહ્વાન કરે છે. આ પ્રસંગે આજે નવી  દિલ્હીમાં કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્યમંત્રી બી.એલ. વર્માની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના સંદેશમાં "નશા મુક્ત ભારત પખવાડા" ઉજવવા બદલ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની પ્રશંસા કરી હતી.

-----------------------------------------------------------------------------------------

## ગ્રામ પંચાયણ ચૂંટણી

રાજ્યભરમાં 22 જૂને યોજાયેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણીઓ માટેનું ગઇકાલેપરિણામ જાહેર કરાયું. કચ્છમાં ઉત્તેજના અને ઉત્સુકતાભર્યા માહોલમાં 129 ગ્રામ પંચાયતની મતગણતરી સંપન્ન થઈ છે. 118 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી બાદ ચાર વર્ષ બાદ આ પંચાયતોને વહીવટદાર શાસનમાંથી મુક્તિ મળી છે. નવ મતગણતરી કેન્દ્ર ખાતે રાજકીય ગરમાવાવાળા નરમ-ગરમ માહોલ વચ્ચે કેટલીક પંચાયતમાં ધારણા મુજબના, તો કેટલીક પંચાયતમાં અપસેટ સર્જતાં પરિણામ આવ્યાં હતાં. સવારે શરૂ થયેલી મતગણતરીનો ધમધમાટ મોડી રાત્રિ સુધી જોવા મળ્યો હતો. સરપંચ અને સભ્યપદના ટેકેદારોએ વાજતે-ગાજતે વિજેતાઓને વધાવ્યા હતા. જિલ્લામથક ભુજમાં લાલન કોલેજ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. માધાપર, સામત્રા સહિતની પંચાયતના પરિણામ મોડી રાત્રે જાહેર થયાં હતાં. મિરજાપર પંચાયતના જાહેર થયેલાં પરિણામમાં અપસેટ સર્જાયો હતો, તો માધાપર નવાવાસના ત્રિપાંખિયા જંગમાં ભારે રસાકસી જોવા મળી હતી. અંજાર તાલુકાની પ્રતિષ્ઠિત રતનાલ બેઠક પર પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઇના પુત્રને હારનો સામનો કરતા મોટો અપસેટ સર્જાયો હતો. વિજેતા ઉમેદવાર સરિયાબેન વરચંદને 2489 અને પરાસ્ત ઉમેદવાર ત્રિકમભાઈ આહીરને 2325 મત મળ્યા હતા. કચ્છની હસ્તકલા ક્ષેત્રે વિખ્યાત ભુજોડી ગ્રામ પંચાયતની સામાન્ય બેઠક માટે ત્રણ ઉમેદવારે સરપંચ પદ માટે ઝુકાવ્યું હતું જેમાં શિવજીભાઈ મંગરિયા વિજેતા બન્યા હતા. માતાના મઢની ચૂંટણીમાં સરપંચ પદે કાસમભાઇ હાજી જાકબ કુંભાર, 245 મતે વિજયી થઇ માતાજીના દર્શન કર્યા હતા. માધાપરમાં વાલજીભાઇ ડાંગર, મિરજાપરમાં રતીલાલભાઇ ચાવડા, ટુંડામાં કીર્તિ કેશવાણી, સુખપર રોહામાં વિક્રમ ગરવા અને માતાના મઢમાં કાસીમભાઇ કુંભાર વિજેતા જાહેર થયા હતા.

નખત્રાણા, માંડવી, મુંદરા, ભચાઉ, અબડાસા, લખપતની ગ્રામ પંચાયતમાં ક્યાંક ઉતાર-ચડાવ જોવા મળ્યો, તો ક્યાંક ધારણા મુજબ સરળતાથી પરિણામ જાહેર થયાં હતાં.

----------------------------------------------------------------------------------------

<u>CM કચ્છ મુલાકાત</u>

**કચ્છી નવું વર્ષ અષાઢી બીજીના ભુજના હમીરસર ખાતે યોજાનારા કચ્છ કાર્નિવલમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ હાજરી આપશે. ત્યારબાદ કચ્છ સીમાના આખરી ગામ કુરન ખાતે**

**રાત્રિ રોકાણ કરશે. 28 જૂનના રોજ પ્રાથમિક શાળા પ્રવેશોત્સવમાં ભાગ લઇ પરત ભુજ પહોંચશે.**

---

## શાળા પ્રવેશોત્સવ

શાળા પ્રવેશોત્સવ  26થી 28 જૂન દરમિયાન યોજવામાં આવશે.  “ ઉત્સવ ....બાળકોના સર્વાંગી વિકાસની” થીમ સાથે કચ્છમાં બાલવાટિકામાં ૩૦ હજાર ૨૮૨ અને ધોરણ-૧માં ૪૫ હજાર ૯૪૬ બાળકો શાળાપ્રવેશ મેળવશે તથા ધો.૯માં ૩૮ હજાર ૦૭૫ તેમજ ધો.૧૧માં ૧૯ હજાર ૭૬૪ બાળકો પ્રવેશ લેશે. આમ જિલ્લામાં કુલ૧ લાખ ૩૪ હજાર ૦૬૭ બાળકો પ્રવેશ મેળવનાર છે. રાજય સરકાર વતી વિવિધ ઉચ્ચ અધિકારીઓ તથા પદાધિકારીઓ શાળામાં હાજર રહીને પ્રવેશ મેળવનાર બાળકોને વાજતે ગાજતે ઉત્સાહભર્યા માહોલમાં આવકારશે. જેના માટે કચ્છ જિલ્લામાં કુલ ૧૬૧ જેટલા રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જિલ્લાની સરકારી ૧૭૦૨ પ્રાથમિક શાળા ઉપરાંત જિલ્લાની ૩૧૭ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ યોજાશે.

---

## અષઢી નવરાત્રિ આરંભ

આજથી અષાઢ માસનો આરંભ થાય છે**.** આ માસ વર્ષા ઋતુના આરંભનો માસ ગણાય છે. આજથી અષાઢી નવરાત્રીની શરૂઆત થાય છે વર્ષમાં ચાર નવરાત્રી આવે છે**.** એમાં મહા અને અષાઢ ગુપ્ત નવરાત્રી કહેવાય છે**.** આજ **માસ**ના આરંભે કચ્છી અને જામનગરના હાલાર વિસ્તારના  હાલારી નવ વર્ષનો પ્રારંભ થાય છે.

---